" વજાણી કૃત "

કાવ્ય—ત્રીવેણિકા

અથવા

એ પોતાની સોળથી વીશ વરસની વય સુધીમાં રચેલી

કવિતાઓ

ભાગ ૧ લો

The poet's eye, in a fine frenzy rolling
Doth glance from heaven to earth, from earth to heaven
And, as imagination bodies forth
The forms of things unknown, the poets' pen
Turn them to shapes, and gives to airy nothing
A local habition and a name.

Midlsummer Night's Dream.

મુંબઈ

સંવત ૧૯૫૦ આવૃતી ૧ લી પ્રત ૫૦૦

કીંમત ૪ આના.

ધી "કૈસર" પ્રીંટીંગ પ્રેસ મુંબઇ

"વજાણી કૃત"

કાવ્ય-ત્રિવેણીકા.

ભાગ ૧ લો.

કિંમત રૂ-૦-૪-૦

આ પુસ્તકોના વેચવાથી જે નફો મળશે તે ઘોઘારી લોહાણા મીત્ર મંડળ તરફથી સ્થાપેલાં " વિદ્યાઉત્તેજક ફંડ " માં જશે :—

અર્પણ પત્રીકા

પરમ સ્નેહી,

ભાઇ ભાઇદાશ ઠાકોરદાશ રૂવાળા.

આપના લાંબા વખંતના સ્નેહથી મને જે સંતોષ મળ્યો છે તેનો બદલો વાળવા મને અતિ ઉત્કુંઠાહતી જે માત્ર અંશભાગે આશા પૂર્ણ કરવા આપને આ મારૂં લઘુ કાવ્ય નામે " **કાવ્ય ત્રિવેણીકા** " અર્પણ કરૂં છું તે સ્વીકારશોજી.

હું છું આપનો
સદાનો સ્નેહી મીત્ર
" **શામળ** "

પ્રસ્તાવના.

કેટલાક લેખકો પ્રસ્તાવના માત્ર પોતાના લખાણની પધ્ધતીને ઉંચી પાયરીએ ચડાવાજ લખે છે, કેટલાક અતિશયોક્તી કરી આડા અવળાં વિચારો દર્શાવે છે પણ મારે તેમ કરવાની જરૂર નથી. પણ વાંચક વર્ગને મારે એટલુંજ સુચવવું જોઈએ કે "કાવ્ય" નો ભાવાર્થ પોતેજ સમજી તેની પ્રસ્તાવનાનો ભેદ પોતાના હૃદયમાજ રાખવો કારણ:

"કાવ્યની કલ્પના ઇશ્વરી બક્ષેલી કુદરત સિવાય કળાતી નથીજ"

"વજાણી કૃત"

કાવ્ય–ત્રિવેણીકા

સવૈયા.

નિશદિન તારૂં નામજ પ્યારૂં રે પ્યારા પરમેશ
રે ગુણવંતા કેમ વિસારૂં હું તુજનો ઉપદેશ
થઇ પાળક નિજ બાલકનો તું આપ મતિ શુભલેશ
તત્પર કરવા તૈયારી શુભ કારણ જગને વેશ
મંદમતિને દામપતિ તુજ દરબારે છે એક
ઉંચ નીચ આ જગમાં જન્મે બાળવવા નિજ ટેક
માયા જગની જુઠી જાણું સ્વપ્નું સૃષ્ટી છેક
રંગીત પુષ્પતણી હું પેખું નિશદીન વૃષ્ટી અનેક
તુજ સેવાછે મીઠા મેવા નિમું તેનો નેક
ધારણ હું છું તારણ તું છે અલ્પમતિ મુજ છેક

ખ્યાલ.

માયા રસછે ઘેલો મનવા (૨)
કામણતારાં ક્યાં કહીએ રે. કામણ૦
આભવમાંને પરભવમાં નહીં શાંતિથી સુખમાં રહીએ
કુટીલ તુજના કુડાં કર્મથી (૨)

ભર્ત ભૂમી પણ શરમાએરે. ભર્ત૦
કમળ જેવાં કોમલ ફુલો તુજ પાપી વાગીથી કરમાયૈ

ગઝલ.

જોને હો જીવડા જગછે નકામું
(૪) જુએના રાયજેવા રંક સામું જોને૦
ફરીતું ફેરી કરી ફેલમાં શું ફસાયો ?
ન્યારીને નિત્યનવો તું કસોટીએ કસાયો
અરે હાંશીદશા જીવ ક્યાં વિરામું? જોને૦

ભેરવી-જોગવો.

મનવા શીદને મરેછે મરડાઇ, મમતમાંમુંઝાઇ મ૦
મારૂં મારૂં કરીધન અતિ મેળવ્યું (૨)
કેળવ્યું પૂર્ણ જતન કરી (૨)
પણ તારૂં નથી તલભાર, હવેતો હદ થઇ મન૦
દોલત દેખી ફરે શું દીવાનો (૨)
ભટકે શું મુઢ ગમાર (૨)
રે સમજતું સાર, હવે તો હદ થઈ મનવા૦
મેઘ ધનુષ્યમ આ રંગિત દુનિયા (૧)
પલટાતાં તેને શીવાર (૨)

જો મન તું વિચાર, હવે તો હદ થઇ મનવા૦
ધનરે દોલત છે વાદળ છાયાં (૨)
જાતાં ન લાગે વાર (૨)
ઇશભજવા થા તૈયાર, હવે તો હદથઈ મનવા૦

ભજન—નરશીયો

જીવ જોને ફરીતું ચોપાસરે, તારી સીરે દશા હાં થવાની?
માટીમાં મળવાની, બળવાની, ટળવાની,
ચળવાની આદેહફાની.
નીતિ તજીને બેઠો શુંરે ભુંડા, ઉંડા અંતરમાં એ ખામી
છોટાને છળવાની ફળવાની, દળવાની, અનીતિરાખી છાની
માયા કાયાને સૌ જાયારે તારા, સંગેચાલે નાએ તારી
બાળીને લોહાર લોઢું ગાળે તેમ, વળતાં દેશેએ વિસારી
મશાણ મોટું છે દેહઆનાની હાય ચિત્તાચેતનત્યાં થવાની
ધુણી ધખાવી પરકાષ્ટો બાળે, ધુમઆકાશે ઉંચીજવાની
કીર્તિની આશાએ બેઠોરેજીવશું અપકીર્તિઅંતે કમાણી
પાપીપાણીમાં તેં નાવણકીધું બહુ પુન્યલીધું તેણે તાણી
વાટેનેઘાટે તું ખરચીશું રાખીશ, ભૂખતૃષા વેઠવાની
જાણીને જમના મારખાશે હાય ! દશાએ બુરી થવાની

ખ્યાલ—ધ્રુપદ.

જો બેઠા છે મરવા, તોયશું સુઝ્યું આકરવા
વૃધ્ધપણામાં વાં કોતર્યો પણ નવસમર્યા તે શ્રીહરી
જુઠીમાયા જગની દેખી, શેખીમાંતું ગયોમરી
રે ઠામન છેઠરવા તોય૦
દામતણી હીંમતથી તેંશું નાહક ખોયોજન્મારો
હામ કયાં તુજહૈયાની છે સુકર્મનો કયાં અણસારો?
નહીં ધીર રહી ધરવા તોય૦

ભજન.

એક હરી ભજી લેને પ્રાણીડા, પળમાં દુનિયા તજી તુંજાશે
સુખથી સંતોષે ન રહેવાશેરે પ્રાણીડા સુખથી૦
ખીલ્યાં ફુલોજે જોબન વનમાં, કરમાતાં શીવાર?
ફુલ્યા ફણગાતે ફુલી ફાલીને, પળમાં થાશે ખુવારરે પા૦
વસ્ત્ર ભીનાં નેસૂરજ તાપે સૂકાતાં શીવાર?
વૃધ્ધબાળને જુવાનીયા સૌ એમજ પાર થાનારરે પાપી૦

હિંદુસ્તાની ભજન.

મન અબ તજતો ગુમાન (૨) કુછકાં સમજ બીચઆયાજી
માયારે જાયા સબકો બહોત તુનેપાયા,
ખેલખેલ્યા ઔર ખેલાયાજી
ગુમાની ગરથકાતું બોધ બચનસે,
કુચ્છકાંસમજ બીચઆયાજી
જુઠેરેજગતમેં કયા રંગ લીગાયા
પતંગ એક તુંહી બનાયાજી
પવન ઝપાટે તુંગગને ચડા ઔર પીછુસેનીચું ગીરાયાજી
પેચ બડા હય એહી પ્રારબ્ધકા અમતમ મેલડતે આયાજી
દેખત નયનમેં મટ્ટી મીલેગી કયું યોવન ફોગટ ગમાયાજી
છોડચલો અબતો એહીરે જગતકું રામકાફરમાન આયાજી
લક્ષ્મણ સુતજી સામળને એહી ભજન ભગતકું સુનાયાજી

પરમેશ્વરને લખેલો પત્ર ખુશી ખબર.

ગુરૂ ગોવિંદના મહિનાનો રાગ.

સ્વસ્તી! શ્રી પુજ્ય પરમેશ સારંગપ્રાણીરે
રઘુવીર રહીઆળા શેષ, શામળ જાણીરે

છે સ્વર્ગસમો સુખવાસ, પ્રભુજી તમારોરે
પણ મુંબઈમુજ નિવાસ, પ્રભુંપત્ર પ્યારોરે
છે અઠાવન ઓગણીસ, સંવત સારોરે
પૂરી પૂનેમ માસ અસાડ, દિને દુવારોરે
શુભચંદ્ર ચડયો આકાશ, રૂડી રજનીરે
નભતારા મંડળ ગાય લીલા વજનીરે
વળીવાયુ મીઠો વાય, લ્હેરો લ્હેકેરે
આ સકળ જગતનું વન, બહુધા બહેકેરે
વળી વીધ વીધ પુષ્પો થાય ફણગા ફૂટેરે
કોઈ કોમળ ફુલ કરમાય તન વા' તૂટેરે
વળીવ્હાલાં વૃક્ષ વિદાય પળમાં થાતાંરે
સુખ પલ્લવ કેરીછાંય, છોડી જાતાંરે
તે આપ અગોચર તાત, અંતરયામીરે
છો ચિદ્દધન ચિત્સ્વરૂપ, કર્તા ! કામીરે
ઈશ આદિ કારણ આપ, સાચા શાક્ષીરે
વળી નિર્ગુણ નિરાકાર, ગુણો લાક્ષીરે
પ્રભુ પુરણબન પ્રમુખ, દુખડાંહરતાંરે
સેજગદીશ્વર શુભઆપ, સુખડાંકરતાંરે

કરૂંશીષ નમીને પ્રણામ, પ્રીતેપ્યારારે
વળીસકળ સહોદર સાથ, સગાંસઉ સારાંરે
લઈ લેજો મારી ભાળ, ભવના પાંથીરે
તમ તારો ભવભરનાર, સાગરમાંથીરે
આવિશ્વ વળીજેઘાટ, વગડો મોટોરે
જનવસતા પાડે વાટ, ઝગડો ખોટોરે
જે સાચા કોઈ સુજાણ, ચીલો ચુકરે
તો ઠાલા ઠગજન ઠામ, મારી મુકરે
એ હાલ હરી આ હાય, જુંઠાજગનારે
તમદરબારે બહુ થાય, હાલો ઠગનારે
તે સમજી બેઠો ઇશ, સાચું જાણીરે
આ સૃષ્ટી મૃગજળ જાણ જૂઠું, પાણીરે
કોઈ તરસ્યાં દોડેત્યાંય પાણી પીવારે
પણ પટકી મારેપાય દીનકર દીવારે
માટે મારા ઇશ આશીષ દેજોરે
સુખ આપી કષ્ટો આપ કાપી લેજોરે
પણ આપો ભક્તિ એક અવિચળ ઉંડીરે
છે કારણકાયા છેક કાદવ કુંડીરે

નહીં ફુટેલાગે વાર, પળમાં સાજીરે
તે પચરંગી આ ખેલ ખોટી બાજીરે
છે સકળ સહોદર સાથ શામળ સુખીરે
પણ તમવિણમારા સાથ સર્વે દુ:ખીરે
નહીં પેખું હું તમ ધામ, ગામજ પ્યારૂંરે?
આ મરણ જનમનો સાથ બંદર બારૂંરે
નહીં ચાહું બીજો જન્મ, એકજ પુરોરે
આ અંતર બહુ અથડાય, આગળદોરોરે
તે ચિંતવન ચેતીઆપ, ઉરે ધરજોરે
આ શામળને બહુવાર વારે કરજોરે
માગું ભક્તિ એક શરણ તમારૂંરે
વળી પદ પંકજમાં આપ, કુટુંબમારૂંરે
દઇશીક્ષા લેજો ભાળ સારંગપાણીરે
આ પત્ર તણીતો તાત પુરત્રણી જાણીરે
છે લેખક લક્ષમણસુત શામળ સાચોરે
પણ કર્તા પાસે છઉં સદાહું કાચોરે

પદ.

પ્યારા પંખી પોપટડાતું હસતાં કેમ હસાવેજી

આખર ઉડીજાવું તારે ફોગટ કેમ ફસાવેજી
રાતું તારૂં નાકજ નમણું પાંખો લીલી પીળીજી
કંઠ ટેકાળો કાંઠલેડાછે, આંખો કાળી હોળીજી
અંગે આછો ખુબ ખીલેલો પગ પાતળીયાતારાજી
વાણીનો શુંડાઠ અનોપમ, સુણતાં હરખે સારાંજી
હેતે હરીનું નામજ દેતો, બહુ બહુ બોલો બોલેજી
નૃત્ય કરી પળમાં ચણચરતો, કળમાં ઝુલે ઝોલેજી
ફળ પાકેલાં તું બહુ ખાતો, ખાંતે થઇ મદમાતોજી
રૂપગુણની આશા ઉંચી, જોબનમાં ઝપલાતોજી
પિંજર તારૂં પ્રૌઢ ઘણું છે, તું કુંજરસમતેમાંજી
પડતાં ખડતાં તૂટેતો ઝટ, ઉડી ચાલે શેમાંજી ?

સવૈયા.

ફુટ ફુટેલી કંથામેલી હોય મળેલી તોયશું દેખ !
કે ભોજન નવ ભાવે મળશે. લખીયા જેમ લલાટેલખ
પણ ફળ મળશે ખાવા ખાંતે વીતેજો રડતાં વળીરાત
કાશીવાશી થઈ નિરંતર કરમાયેજો જૂઠીજાત
મહેલ તણુંનવ કામજમારે, મેડી મોજ ઝરૂખામાળ
ઉત્તમ આભુષણનવ ચાહું સોનેરી હોયે સુખપાળ

કારણ ચિત ચળેલું પળમાં પાતાળેજ પ્રવેશકરે
ઉલંધી આકાશે દોડે દશ દિશ મંડળમાંજ ફરે
એવી રીતે ભમતાં ભમતાં ભુધરનું નવધ્યાન ધરે
હાય! હઠીલું મનતે કેવું, સમરણ શાંતી નવ સમરે
ચંદ્રતણા કિરણો મનહરછે, વનવેલી ખીલેલી છેક
સત્યપુરૂષનો શુભ સમાગમ શાંતિનું સુખ સુંદર એક
કાવ્યતણી કથની કમળાનું કોપભર્યું આં સું આવેલ
ગાલ ગુલાબીપર પટકેલું, એ અધરામૃત ઉત્તમથયેલ
તેશું સાથ સગું થઇ આવે? રસરૂપે શું તે રસરેલ?
નહીં! નહીં! તેલીલા છે જૂઠી-સ્વર્ગતણી નવ સાચી સ્હેલ
સામળ સુખ ખરૂંજો સમજે, નારાયણનું નામજ નેક
ભોગતજી જનજોગ ભણેતો ભગવતદર્શન પામેછેક

સવૈયા.

ધન તૃષ્ણાએ પૃથ્વી ખોદી, પર્વતધાતુ ગાળી કુપ
સરિતાને સાગર બહુ ખેડયા, મહાશ્રમથી સંતોષ્યા ભૂપ
મશાણમાં જઈ મંત્ર સાધવા, શુખ છોડી બહુવેઠયાં દુ:ખ
તો પણ તૃષ્ણા કાંઇનપામી, છોડ હવે તુ છોડવ કુખ
અલંધ્યને દુર્ગમ દેશોમાં, ફરતા ફરતા કાઢયાદિન

પરઘર પેટ ભરીને ભટક્યો, પાપકર્મ કર્યાં બહુભિન્ન
ખળછળની સેવામાં રહેતા, ઠપકાનો બહુ મારમળ્યો
આવ્યા આંસુ રોકી રાખી, શુન્ય હૃદયથી ગર્વગળ્યો
નિત્ય દિવસ દિનકરજો ઉગે આથમતાંવય ઓછું થાય
મોટાં મોટાં કાર્ય કરતાં, કાળ ગયો ક્યાં ના સમજાય
જન્મજરા વિપદ વધતા પણ મરણ તણોશું ભયનવરાખ?
રે તૃષ્ણા તરણાની તૂલ્યે ભગવતના ભજનો તું ભાખ
ભોગતણી આશા ઓછી થઇ, વીર્ય ઘણું વીખરાઇ ગયું
વડીલમહા વાટે તો ચાલ્યા, સંબંધ સગું નવકોઇ રહયું
ઘડપણીએ ઘેરો તો ઘાલ્યો, ઉઠીઉઠનવ બેશી શકાય
આંખે અંધારા બહુ આવે થર થર કંપે કૂડીકાય
પણ ચેતન નવ સમજયો સઘળું આશાતો ઉંડી બહુ થાય
શામળ સમજી સાધે સમાધિ, તો ભવસાગર સધ તરાય

ખ્યાલ–ઢાળ.

ગર્ભપુરી પરથી પછડાતાં, કોલ અમર શું કીધોરે?
વિશ્વ વને પંથી પરદેશી, થઇ
મારગ શું લીધોરે સુંદર શામળીયા૦—
રે! મનમાન્ય મુસાફર ક્યાંથી આવ્યોને ક્યાં જાશોરે?

જોયાં જંગલ રાનજગતના, દેશવળી પરવાસેરે સુંદર.
ગામગીરી ગુફાજોયાંતેં, દરીયા ડુંગર ડોળ્યારે
ખાંતે ખાધું ખેલ કરીને, પણ પ્રભુને નવ ખોળ્યારે સુંદર
બચપણના બંદરથી બેશી, સ્હેલ સફર બહુ કીધીરે
તારૂણ્ય ની તરણીમાં તરતા, લલિત લ્હેરો લીધીરે સુંદર
લીધો સાર સકળ સષ્ટીનો પેમજ પ્યાલો પીધોરે
ભુલ્યો ભમરા ભવ અટવીમાં માર્ગનશોધ્યો સીધોરે સુંદર
આખર વૃધ્ધપણાની વ્હેલી, મળતાં મ ઝી થાકેરે
બળદ ભલે બળવાન મળેપણ, પરમ પથન પાકેરે સુંદર
થાકીથાય બળદ બળહીણા, રેહશે વચમાં અટકીરે
શિથિલવળીતે વ્હેલજ થાશે. આભવમાં જે ભટકીરે સુંદર
માટે મનતુરમળવા તારૂં, તનડું જોકાંઈ તલપેરે
લીધું પણ તે પંથન ભૂલે, કાળજડું, કાંઈ કલ્પેરે સુંદર
સુખસાગરના સોગનલે તું, પાછું, નવછેતરવુંરે
અવરજનમની આશા બાંધે કે તુજ નેત્યાં મળવુંરે સુંદર
પસ્તાવો પાછળથી થાયે, કારણ ચીલોચુકયોરે
સમજયોને વળી સાનજ આવી, મહાપંથ તે મુકયોરે સુંદર
પણ પરદેશી વાટજ વ્હાલી, એકજ આખર સીધીરે
જન્મમરણ આવેત્યાં જાવે, શીખામણ તે લીધીરે સુંદર

ખરતાં પિંપળપાન પરથી. ઋચાઋ—સવૈયા.

ખરતાં પિંપળપાન ખરે તેં શુભ શીખામણ દીધી
માનવનુ મનમારૂં સમજી ચિત ચપળમાં લીધી
હતું ખરે તું ડાળી પરત્યાં કુદકી ફરતું રમતું
લલિત પવનની લ્હેરો લેતાં, ભ્રમણામાંતું ભમતું
તુજસમા કાંઈ શુભ સમાગમથી તે વૃક્ષજ ખીલે
પણ તુટયો જ્યાં અંત સમાગમ તેને કોકદી ઝીલે?
ખરે સમજવું જીવન જનનું તરણા તુલ્યે પડતું
મદમાં જો મસ્તાનું બનતાં ભલે ફરે થઇ ચડતું
આજકાલનું ઓછું અદકું અંતર આડું આવે
જનમ ધરીને નામનકામું, પણ આખર તે જાવે
હશે પ્રેમજયાં પવન તણો ત્યાંસુધી રહેશે રમતો
શ્વાસ અટકતાં થાશે જીવડા પાછળથી આગુગમતો
માટે નર ભવતું તુંચેતીલે મરણશરણના વારા
શામળ કહે હું આજ કદીતો કાલજ કોઈજનારા

ા માંદગી વખતે માતાને દિલાસારૂપે ગાઈ બતાવેલી કવિતા

રાગ—બીલાવર.

શીદને રડે માતા માહરી;
શીદનેકર તું ઉચાટ—શીદને૦.

કાયા છે આ કરમી, સુખ દુઃખ આવે જાય
લીલા એ ભગવાનની, મનમિથ્યાં ગોથા ખાય શી.
દરિયા ડો૦યેશું થાશે, ડુંગર ખોદયે શુંથાય ?
અંત આવેકે એકલા, પ્રાણીમાત્રજ જાય. શીદને૦
તૃષ્ણા તો ઉંડી ઘણી, નિશદીન વધતી જાય
સમજે ના કાંઇ શ્રીરામમાં, હેતેવૈતરણીમાંનાય શી.
કોણપિતાને કોણમાતા, કોણ ભગિની ભ્રાત !
કોણનારી કોણમિત્ર છે, કોણજાયા કોણજાત શી૦
સૃષ્ટીરૂપ ધર્મશાળ આ, ઉતરે બહુ અવતાર
મનમુસાફર સૌજાણો, જુદા થઇ સૌજનાર શીદને.
બે ઘડીનુંઆ બીછાનું, બે ઘડી જંગલ વાસ
તારો પુત્ર હુ ત્યાંસુધી, જ્યાંસુધી શ્વાસનોપાસ શી.
મનુષ્યમાત્ર બિહામણા, ખાધાકે કોઇખાય
તેને માતા શું કહીએ, રડવેશું સુખ થાય ? શીદ૦
કુટયે કાયા કારમે, રડવે બહુદિનજાય
જગત તજી જેચાલીયા, તે તો પાછા નથાય શીદને૦
માટે માતા માહરી, હ્દયે ધર કાંઈ ધીર
ભજન કરી ભગવાનનું, પાને અમીરસખીર શી૦

અંતસમે સુખએજ છે, આવે કાંઈ શુભઆશ
ત્રાસ ટળે મારા તાપનો, કાપે પાપનો પાસ શીદ૦
શામળ સાચો તાહરો, પાર્વતી મારીંતુમાત
શુભશીખામણ લેશાંભળી, સ્હાયકરસે શાક્ષાત થી૦

છપ્પા.

ધન આવેને જાય, ધન સુખસાગર કા'વે
દુઃખીજ તેથી થાય, રાયને રંક બનાવે
પળમાં આપે માન, ગાનગુલતાન કરાવે
રહે રખડતો રાય, રાંક મે'લે સુખ પાવે
એવું ધન મન ધારજો, શાણાસજ્જન તમસહી
વદે વજાણી ત્રિનવીજો ધનનવ તો કંઈનહી

છપ્પા.

સંપ થકી સુખ થાય, સંપથી આળશજાશે
વધશે વિદ્યામાન, જ્ઞાનઅંતરમાં થાશે
સંપ રીઝવે રાય, રંકજન લક્ષ્મી પામે
જામે કીરતી ઝાઝ, નિજને પરવળી ધામે
સંપ હોય તો સર્વછે, કુસંપથી કલેશ બહુ
વંદે વજાણી વિનવીજયાં, સંપનહી ત્યા શું કહું.

ખ્યાલ.

ઘટઘટ ઘોળી પીને ઘુંટ રસ કેળવણીના નરકાચા
શાક્ષરશીળી છાંય ધરી કર અધવધતારા જન સાચા
પ્રેમતણી તું કરી પથારી જોબન ઝોલે શું ઝોલે
ચાર દિવસની ચટકી જોબન જાતાં ચક્ષુશું ખોલે
સાધન સુખરૂપ ધન તું જાણે, વનવાદળની એ છાંયા
વિખરાતાં નહીં વારજલાગે, મેઘ ધનુષ્યમ આ માયા
થઇ તત્પરજઈ સત્વર બાગે, કેળવણી પુષ્પો માગે
કરકસી ઝાલી સુવાસ લેતો સંચીત તારૂં કંઇજાગે

ધબક–મરશીયો.

સઉ ઉઠો આળસ તજી જ્ઞાતિ બંધુઓ હજી વિત્યો
સમય પણ કાંઇ પુરો છે
શસ્ત્રાસજીને શુભ સાધી કમાન બાણ નીતિતણા
દિન કાંઇ શુરો છે
ભીતિ તજીને તમનીતિ વીચારો વીર જાયા તણું
જોર હાય ગયું છે
સીંહસમા સુતસુખે સુએતો પછી પીધું જે સ્તનપાન
સાહી ગયુંછે

જ્ઞાતિ તણાહિત કાર્યો કરીશુભ વિધા વધારો તો
સર્વ હરયુંછે
સંપેસંપીને બાળ બાળાભણાવોતો ઠીકઠરો એવું
કામ કરયુંછે
આશ્રય આપીને રંક બાળો ભણાવોતો પ્રીતેથી
એક પરમાથ કરયુંછે
જોતાં આ હાલ નિજ જ્ઞાતિતણા રે'મન આવે તો
ચક્ષુમાં ઝેર ભરયુંછે
કુસુંપ કાઢીને સંપ સાધો પછી તો રંક કેરૂં રૂદન
તમે ભાઇ હરયુંછે
ઉધોગ વધારીને આળસ વિદારોતો કીરતી કેરૂં
કાંઈ કામ કરયુંછે

લલિત છંદ.

અરરર ! હિંદશી ! તારી આ દશા !
આધિતણા વ્યાધિ હૃદયમાં વધ્યા;
સુખજ સૌગયું, દુઃખ અતિ રહ્યું,
ભરત ભુમિમાં આશુંરે થયું ?
જનજુવાનીયા જાતને તજ્યા,
અધ અતિ થયા ભાવને ભજ્યા

રતિ રસિકમાં મતિ મુંઝાઇ ગઈ,
નદીનીતિતણી અનીતિથી ભરાઇ
પવન પ્રેમનો પૃથ્વીમાં વરયો,
વીરતણો ઝરો -હૃદયથી ખસ્યો
સુકર્મસારના સૃષ્ટીમાં રહયો,
કુકર્મ કોટને ચોગર્દથી ધરયો
પતિ તજી રતિ કાજ સુંદરી,
પરપુરૂષના પ્રેમમાં પડી
ગઈ સ્વતંત્રતા બોધ બહુગયો,
પરતંત્રતાતણો પોટલો સહયો
અરર ! ઈશ તું ! વારે ધાવરે,
અશી ધરી કરે, દુ:ખ વિદારરે !
શરમ સુખની હાથ તાહરે
દુ:ખતણી ગતી માથ માહરે
દ્રોપદીતણા ચીર જે પુર્યાં.
પાંડવ પુત્રનાં પાપ તેં હર્યાં
સ્યામસુરતથી, કંશનેકસ્યો,
માત ભ્રાતને રક્ષમાં રસ્યો

ગતિ રે તુજતણી, નાકળાયરે,
પળ વિષે અતિ રૂપ ભળાયરે.
(હું) મુઢમતિ તણી હામ શું હતી,
તુજવિના હરિ છેના સદ્દગતિ
હિંદવહાથથી, હાયરે ગયું,
ક્ષત્રી વંશમાં દૈવતના રહ્યુ
વિમુખ શું થયો, વિશ્વ તું પતિ,
હિંદવજન તણી ખોડ શું હતી ?
નથી ? નથી ! હવે એક ઉપાયરે,
સ્હાયનાકરે બિર્દત જાયરે.

ખ્યાલ--સવૈયા.

જગત જોઇ તો ચો દિશ જોતાં, માણસ જાતી ત્રણ ગણાય
અજ્ઞ, સુસ, અલ્પ, ઓાળખી, ભેદભલો ભવમાંજ ભણાય.
અજ્ઞ આત્માં કાંઇ નવ જાણે, તે જનમન સુખથી વશ થાય
સુજ્ઞ શાંભળો સમજે સઘળું, વીણ પ્રયાસે તે વશ થાય
પણ જન જેછે અલ્પ જ્ઞાનો તેને નવકા'થી વશ કરાય
કારણ ૃંપદ મદમાં મરતો, આઘો પાછો આમ ભરાય

મગર મુખ્યમાં મણી જડેલો, તે કો' કાળે કાઢી સકાય
ભરદરિયો મોજાથી ઉછળે તે પણ કોજનથીજ તરાય
સર્પ ચડયો ક્રોધે જે તેને કોજન શાંતે શાંત કરે
પણ મુરખ નરનું મનડું તે કલ્પે કો દીન, ચળે ફરે
કરી પ્રયાશે અર્ક કાઢશે, વાયુક રેતી પીલી તેલ
મૃગતષ્ણાનું પાન કરીને, તૃપ્ત થતાં કરશે બહુ ગેલ
ફરતા ફરતા કોજન પામે, શશલાને શીંગલડું એક
પણ મુરખ નર મરદમાં મરતો, તે અંતર નવ ખાળે ટેક

પ્રમદા છે ભીડભંજન—એ રાગ.

સમજ જો વ્હાલું વિદ્યા ધન, અરપજો કેળવણી સોજન
જ્ઞાતનો ચડતો દેખો દન, ખરે તો પામો ધન્ય, ધન્ય, ધંન
બે ઘડી બાળ રખડતું દેખો, રમતે ગાળે દન
સુંદર રૂપ બન્યું પણ જ્યાં તે પામે ધુળ પ્રસંગ
દેખો જેવા તેવે ઢંગ, તેવા જ્ઞાનવિણ છે જન સમજજો૦
પંખિ પિંજરમાં પાળ્યું જે ખેલે નવનિત્ય રંગ
પણ મીઠાં નહીં વચન વદે તો જીવતું એક અપંગ
જગતમાં જુઠો તેનો જંગ, જ્ઞાનવિણ છે મુરખ તેમજન
સમજજો૦

ધન્ય ધરાને ધામ મળ્યા પણ, નહીં કંઇ વિદ્યા ધન
ખાતાં ખુટી જાય ખજાનો, પાછળ કેવાં દંન
અરેરે; બુરા તેના દંન ! પછી સંભારે વિદ્યા જન !
સમજજો૦

કાયા કાચી શીશી જાણો, તેમજ ફુટે તંન
મને માને જો કીર્તિ સાચી, (તો) કેળવણી દયોજન
ખરેતો નરભવ જીંવ્યો ધન, રહેશે પરમ પ્રભુજી પ્રસંન
સમજજો૦

વિધવા વિલાપ.

ઓધવજીનો રાગ.

રે ગીરધારી ગોવીંદ ગુણ વિશાળજો
વાહારે નહીં કો વિધવાની લ્યો ભાળ રે
પરણ્યો પ્યારો પોષે તમના પાયજો
હું અબળાની મુંઢમતી દુઃખીયારી
નહીં ભણતર કાંઈ શીખવ્યું મારે તાત રે
પૈસાની સાથે આજોડયા પાયરે
કરમાતી આકાયા કોમળ જાયજો
સોળ વરસની નારી સુંદર હું બની

શીરે નહીં કંઇ રાખ્યા સુંદર વાળજો
ધરમ થકો આ ધોળી સાડી ઓઢીએ
કંચુકી કાળી નવ ચાંલ્લો થાયજો
કંકણ ચૂડી કરથી મેં છુટાં કર્યા
પર ઘેરે નવ પ્રીતેથીજ જવાયજો
હૈયામાં બળતી તે કોને બોલીએ
સારૂં ભોજન ખાંતે નાંહી ખવાયજો
અંધારી ઓરડી એ ખુણો પાળીએ
હાય હવે કેવા દુખીઆરા દિનજો
પરદેશે જાતાં શુકન નવ કો' જોવે
વેરણ રાત્રી વીતે મારે મારજો
શીઆળાની ઠંડી નવ જાયે કહી
ઉનાળે આ અગન અગન અંગ થાયજો
તાપે તપતાં આંખે આંસું આવીયાં
સેજલડી સુની નવ આવે નિંદજો
શીતળચંદ આ ચીતડાને ચીડાવતો
ચોમાશામાં વરશે ભર વરસાદજો
હીંડોળે ઝુલાવે કો રસીયા વિના

વિજતણા ચમકારા નવ સ્હેવાયજો
હાય ! હવે જુવાની આ કેમે જશે
અરે પ્રભુ નવ દેજે આ અવતારજો
પુરૂષ ઘણા પરણે બે નારી ચારને
કારજ સાધે પોતાનું એમ સર્વ જો
અપરાધોઆ અબલાએ શ્યાંસ્યાં કર્યા
કે નવ બીજો કંથ કદી નવ થાયજો
વીશે પણ વાંઢીની જેવી હું રહી
એમ કરી કેમ અબળા કાઢે દીનજો
શું વિધવાને સુખનું સાધન કંઈ નહીં ?
હાય ! થજો ધીકક માતાનો અવતારજો
તાત વળી તુને બહુ બહુ ધીક્કાર છે
રાજ જગતનું આમજ જહાંનમ જાયજો
જ્ઞાત વળી જુલમી તેને પણ ધીક્ક છે
પુનઃલગ્નની નવ કાંઇ રાખી રીતજો
કે બાળાઓ ભોગી થઈ સુખ ભોગવે
આ તો ઉલટા પાપ તણા દિન જાયજો
આંખલડી આડી થઈ પર નર પર પડે

આખર આશા ઉંડી નવ બંધાયજો
સતી તણું કયાં સાચું તે સુખ ભોગવું
કાળ કઠણ કળીયુગ ઘણો કહેવાયજો
ચિંતાને ચોરીને ભામા ભોળવે
માટે સારા સજ્જનને સૌ જ્ઞાતજો
વિધવાને આપો સુખ પુનઃલગ્નથી
જેથી આપણના સૌ અધવધ થાયજો
પોતાની પીડા તેવી પર જાણીએ
શામળ કહે સાંભળજો સૌ શુભ જનજો

કાળકળીમાં આવી રીતી રાખીએ
સતીઓ સેવે ભલે પતિના પાયજો
પણ બીજાને બાંધીને કેમ મારીએ
ઈચ્છા એ જો આપો આવું દાન જો
તો જ્ઞાતિમાં સૌજન સરખા સુધરે
સ્ત્રી સમજને સમજે સૌજન સાથજો.
કાળકઠણમાં કુચાલો નવ નિપજે

———

દગો કોઇનો સગો નહીં

ભુજંગ

કરે જે કદી કોલસે હાથ કાળા
મરે જો વદી માનવી મોત ચાળા
સતિના પતિ સાથ પાળે સગાઇ
દગો તો સગો કોઈનો નાંહી ભાઈ
ભલે પાપના પોટલા પ્રાણી બાંધે
પડયું કે ખડયું પિંડ તે કોણ સાંધે
નહીં જાળવે માછલી જાળ માંહી
દગો તો સગો કોઇનો નાંહી ભાઇ
કદી પાણીનું પુર ઉચું જ જાશે
કદી માછલી મુંગી મુખે સમાશે
રહે સુર્યના બિંબ છાંયે છુપાઇ ?
દગો તો સગો કોઇનો નાંહી ભાઇ
નહીં માટીનો ગોળ કોઈજ ખાશે
ગળી રંગનો સંગ જવલેજ જાશે
ખરે તેમ ધારો દગાથીજ ભાઇ
દગો તો સગો કોઈનો નાંહી ભાઇ

કદી કેળનો મેળ છેળેથી થાશે
વદીને બુરીવાણ પાછી વદાશે
થુકી ચાટતા ધુળ ચાટેજ ભાઈ
દગો તો સગો કોઇનો નાંહી ભાઇ

અરૂણ-નીલ

કાવ્ય

દોહરા

સાચે સેવું શારદા, પ્રિતે લાગુ પાય
આશીષ આપો માતતો કાર્ય સફળ કંઇ થાય
આશા ઉંડી માહરી પણ છું નાનું બાળ
આકાશે જાવા ચહું. પળમાં હું પાતાળ
કિરતી કેરાં કોટડાં બંધાવા ચોપાસ
મનડું મારૂં મારતો જેમ અશ્વ આકાશ
પણ પામર હું પ્રાણીઓ પંચ ભુતનો ઘાટ
અમૃત તે તો આપછો વિષ ભરી મુજ વાટ
ગુલાબ નીશ્ચે નીપજે, પરકંટક ભરડાળ
ત્રાણી પાણી છાંટવે ટાળે તે કાંઇ આળ
માટે માતા માહરી પુરો કાંઇ મુજ આશ
વીમળવાણી આપજો, પાતક પામે નાશ

લાવણી.

છે પ્રાતકાળને પહોર ઘડી શુભ સારી
થઈ ફરતી મીઠી લ્હેર પવનની પ્યારી
વળી અરૂણે કિરણો અલ્પ કાળમાં ફેંકયા
ગુલ કમળેકતકી ફુલ બહુ તો બહેકયાં
જાઇ જૂઈ જુવતી, ચપળકળી ચંબેલી
વળી વનમાં વસતી, ઘણી કળીરસ ઘેલી
વિધ વૃક્ષપિપળા, આમ્ર અતિશે શોભે
ખીલ્યામોરો તે જોવા મનડું લોભે
થઇ કળા અજબ તે ગજબ ભરેલી વનની
તંહી નૃત્યકરે નવલોક અવલોકિક મનની
જરી વહે સરિતામંદ ઝરણથી ઝરતી
શું શોભા સુંદર સ્વર્ગ સમી છે ફરતી
ત્યાં મળ્યા અચાનક એક વીર ને વામા
દૃષ્ટી દેતાં તો હસી મળ્યા બેઉ સામા
પેખી વીર નયને પ્રમદા વિસ્મય પામી
ધરી અધર આંગળી જરી જુએ છે સામી
પણ પાય ઉચકતાં અબળા આગળ ચાલી

શરમાતાં શાણી શિશજ ની:ચું ઘાલી
પળપળમાં પાછું ફરી નજરથી ન્હાળે
વળી પળમાં પગલું ભરી અગાડી ચાલે
વીર સમજી શંકા આગળ પગલાં ભરતો
વામાની પાસે આવ્યો આનંદ કરતો
ભોળી થઇ ભામા મંદ ચાલથી ચાલી
ત્યાં વીરે આવી ચટક ચુંદડી ઝાલી
ભામાએ વાંસો વાળી નીચું ભાળ્યુ
ગદ કંઠે કહેતાં—આનંદ આસું ગાળ્યું

ગુરૂ ગોવિંદના મહિનાનો રાગ

"કોણ તમારૂં નામ કોના જાયરે"
"વિર શું છે તમારૂં નામ કયાંના રાયારે"
"ભૂલ્યા કે શું આ પંથ, ક્યાંથી આવ્યારે"
"અમ પટકુળ પકડી આમ કાં શરમાવ્યારે
"નહિં રાજવી એ તમ રીત હું શીળ ધારીરે"
"હાં હાંશીથી હાની થાય જુઓ વિચારીરે"
"અમ પરઘરના ઘરનાર પ્રિતમ ભજતાંરે"
"પામ્યા આપદના હાલ, ત્રિકમ તજતાંરે"

"જાઓ છોડો છેડો આપ આવું ન કરીએરે"
"ઠગથાંતારે વિર ઠામ શુભે ન ઠરીએરે"

લાવણી

તરછોડી વિરનો હાથ તારૂણી તત્પર ચાલી
પણ બોલી મનમાં આપ "થઇ મદમાતી કાલી"
"મેં પુછી પરનું નામ કામ કાં અવળું કીધુ"
"નહીં પામી ઉત્તર એક આગળ કાં ડગલું દીધું"
"એ વીર ખરેખર હોય સખા સત્તવાદી શુરા"
"જે શુણી મુજની વાણ ખરે ! શરમાયા પુરા"
"તર છોડયા જો કે તીર સમામેં તેને તનમાં"
"પણ જોડી જો નિજ હાથ વિચારે ઉભા મનમાં"
"જો હજુ જુએ છે ટગર ટગર તે મુજની સામું"
"રે હાય ! હવે હું નામ ઠામ કયાં તેનું પામું"
"રે ચાલ જીવ તું ચાલ શીદ તું શંકા લાવે"
"નહિ ક્ષત્રી કેરાં બાળ આળ વિણ પરને તાવે"
"નહિ સુત સીંહના સ્વાર્થ થકી સંતોષી રેહશે"
"નહીં અબળા ઉપર ક્રોધ કરીને દુષણ દેશે"

એમ કહેતી અબળા ઉર હશી મનમાં માલી
જરી ઝમક ભરી તે ચાલ વિરની મતિજ ચાલી'
પણ ડગલાં પાંચેક ભરી પ્રેમથી પ્રમદા અટકી
જરી મિટ મિલાવી હશી આંગળી હોઠે પટકી
નિજ નયન થકી તે વાર વીરને પત્ર પઢાવ્યો
જે ગ્રહણ કરંતાં વીર ધીરથી પાસે આવ્યો
જોતાં તો અબળા જડ સમ ઉભી થઈ રહી
જે પૂછ્યા કેરી હામ હતી તે વેગે વહી ગઈ
પણ નીચું જોતાં નયન મંહીથી નિરજ ચાલ્યું
જેમ છૂટયું જાણો તિર ઝલાતાં રે'ના ઝાલ્યું
જેમ પુર નદીનું પૂર ઉછળતું આંખે આવ્યું
તેમ કલ્પીત મુકતા માળ સમું નિરમુખપર આવ્યું
પણ વિર બાળ થઈ વીલો તતપર વિસ્મય પામ્યો
કર પકડી તેનો ધીર થકી ત્યાં પ્રશ્નજ નામ્યો

સાખી

"શીદ રડો છો સાધ્વી, કેમ કરો કલ્પાંત"
"કાયા તમ કરમાય છે ભાંગો મનનો ભ્રાંત
"કોમળ કાયા તમતણી કર પલ્લવ સમ આપ"
"વદનવળી સમ ચંદ્રઆ, કરમાવે તે તાપ"

"રડતાં રડતાં સુંદરી, નયન થયાં તમ લાલ
"આંસુથી ભરપુરઆ, ગુલફુલ સમગાલ"
"કંકણ કરના કરગરે, પાય કરે પોકાર"
"કેશ તમારા કાંપતાં, ચિંતવે છે ચોંકાર"
"નાકે વાળી નમનમે, પટકુળ લાગે પાય"
"કોપ્યા મોતી કંઠના, તૂટી મુકતા માળ"
"શ્વાસ ભરીઆ છાતડી, નિર ભર્યાં આ ચીર"
"વિર કહે આ વિનવી, બાળા ધારો ધીર"
"તાત કોણ તમ માત છે, ભ્રાતવળી તમકોણ"
"કોણ પતિ તમ પ્રેમદા, આવ્યા કયાં તમઓણ
"વૈરી થઈ શું વિપતિ, કે વૈરી તમ તાત ?
"કે માતાએ દૂભવ્યા, કહો તમ સાચી વાત"
"સાસુ તમ કયાં સંચર્યાં, કયાંસસરા તમનાથ"
"જેણે ક્ષત્રી જાતથી, જીત્યો તમનો હાથ"
"સેવ્યાં વન કાં સુંદરી, સેવ્યાં જંગલ રાન"
"તરસ્યું મુખઆ ટળવળે, ભુખ્યાનું નહિં ભાન"
બોલો બાળા બોલતો, ભાંગી જાયે ભ્રાંત"
"મનની મનમાં રહી જશે, વિત્તી જાશે વાત"

દોહરા.

શુણી વચનો વિરના વાર્મા ધારે ધીર
સાવધ થઈ ત્યાં સુંદરી સંકોચ્યાં નીજ ચર
આંખે આસું લુછીયાં, હૈડેરાખી હામ
બોલી "શાણા સાંભળો, જે કહું તે આ ઠામ"

ચોપાઇ.

"ઉત્તર આર્યો વૃત શુભ વેશ"
"દક્ષિણ શોભે દક્ષિણ દેશ"
"પુર્વે બંગાળા વખણાય"
"પશ્ચિમે ગુજરાત ગવાય"
"તેમાંથી એક સરિતા ઝરે"
"નામ નિલકા તેનું ખરે"
તેપર સાગર સુંદર ગામ"
"ભર્ત ખંડમાં ભારે ધામ"
રાજા નામે સારંગ દેવ'
"રાજ્ય માતની કરતો સેવ"
"કિર્તી પામ્યો અપરં પાર"
"અલખતનો નહિ તેને પાર"

"રૂપ ગુણમાં ખામી નહિં"
"શુરામાં શુરો તે સહી"
સુંદરી તેની સુંદરનાર"
"કાળ ઝપાટે પામી પાર"
"રાખી પાછળ પુત્રજ એક"
"સોળ વરસનો સુંદર છેક"
"અરૂણ દેવ નીજ નામજ ધરે"
"જોતાં કાંતિ અમૃત ઝરે"
"મંત્રી તેનો જે વિરસેન"
"કપટી લુચ્ચો ને દુઃખદેણ"
"વામા તેની વ્હાલીનાર"
"કપટી શિખામણ દેનાર"
નિલા તેની પુત્રી એક"
"સાચું જાણી રાખે ટેક"

સંક્ષેપ શાર્દુલ.

વીર વાણીથી મન હસિ જતાં, ભુજે બાળા છોડીને
કલ્પી કર કળા અજબ રંગો, સંગી હસ્તા જોડીને

દિધી દમશમી દૃષ્ટિ દિલે, ચપળા સમ ચળકાવીને
ઉભો નયન નિરખી નવીન નૃત્યે, મુખડું નિજ મલકાવીને
નહીં પુછંતાં કંઈ ખ્યાન બહુધા, શુણ્યા કેરા શોષથી
બાળા નવવિરામે વચન વર્ણે, ચાલંતી કવ કોષથી:—

ખ્યાલ.

"વર્ષ એક વેરી થઈ જાતાં, રાયકર્મ ગતિ ન્યારી"
"શત્રુ શિરપર ચડી આવતાં, તત્પર લડવા તૈયારી"
"વિપદવાદળ વધતી વેળા, ઘેરાયું ઘન ઘોર અતિ"
"પણ પોતે તે પેખી લેતાં, હામ ન હાર્યો રાય રતિ"
"વિર ધીર લઇ લડવા કાજે, સેનાને સજસધ કરી"
"સીંહ સમો થઇ રાય રણે, લડવાને માટે પહેલ ધરી!"
'સુત સિંહનો શુભ અરૂણ જે, તિરકીર્ણ સમ તે છોડે'
"તે દિનથી દારા તેની થઇ, જોબન જોડયું તે જોડે"
"ક્ષત્રી શુર ચડી ચક ડોળે; ઘેર્યો શત્રુ ઘાટ ઘડી"
"પણ પળમાં મંત્રી પલટાતાં, વિરસેનની વાત નડી"
"રાજ તાજ શીરે લઇ ધરવા, લાલચ કુડી ચિત વસી"
"શત્રુ સાથે મળતાં પામી માન, કપટની જાળ રચી"
"કેદ કરી રાજાને રણમાં, પુત્ર તણી ત્યાં પુઠ પડી"
"પકડી પુત્ર પિતાને રણમાં, સત્વર બેડી હાથ જડી"

(અધુરૂં બીજા ભાગમાં)

શ્રૃંગાર

કવિત.

છે તે હજી નવોઢા ન છાતી છેડા નાંખી જાણે
પીયુ પાસ પોઢવાની વાત તેતો જાણે કયાંથી
માટે સ્યામ મારા લાલ લાવી છું બની બે હાલ
આતુરન થાતા પેખી પ્રેમદા અજાણી છે
રસની રીતી તો વ્હાલા રસિકને એમ છાજે
ધીરે રસ મેળવીને કેળવો કમાન ત્યાંથી
લાવીને લગાવી જરી સેજપર કર કસી
હસીને હસાવી હાથ બાથ પ્રેમ પાણી પાજે

કવિતા.

કંચન કળી જેવી તે કોમળ કૃશાંગી છે
વાળતો વળેલા વળી નાગ સમ કાળા જાણો
કટી એવી પાતળી કે મુઠીમાં સમાઇ જાય
દાંતતો દાડમ કળી મોતી પાણી મુલ છે

નયન નાજુક વળી ખીલતા કમળ જેવા
ચાલ હંસ ચાલતી તે પગ તો નચાવી જાણે
વેણ તે ચળાવે ચિત્ત કામને કળાવે અતિ
કામદેવ કામા રતી હોય કે શું ભુલ છે. ?

કવિતા

આલીંગન આપ કરો લપટાઈ બાથ ભરો
સુઈજાઓ ઝટકરો, લ્યો, લ્યો, એમ બોલે બાળા
પીધો રસ પ્રેમ પછી અધરપે ડંખ દીધો
છુટવા ન ચાહું એમ બોલતો તે પ્રેમી બોલે '
સાંભળી વચન કો ' ના કામાની તો કંપે કાય
પાય ધ્રુજે ધારે વળી ઉર કુચ ઉછળે
પણપતિ રતિમાં જે મસ્ત બની માલે બહુ
તજેનાએ તારૂણીતો ધન જન તેને બોલે

સવૈયા.

શું કરવા સખી આપ બોલાવો જતા વળી રેન નપળ વિસરો
હસતાં હળી જે આનંદ કરવો તે મુખથી મુજને ઉચરો

ચોળી તણી તુઈ જેમ જડેલીજ તેમ મને આપ ઉર ધરો
અંતર રાખી ન કાંઇ ઉરે આ છાતીપરે વિશ્રામ કરો
આ તન કાય ન જુદી ગણો જીવ વેલીતરૂના જેમ ભણો
વળી વૈદ બની દુઃખદારૂ દઈ વિરહાના દુઃખજ આપ હણો

કવિત.

આંખે આસું આવ્યા આજ્ઞી બોલવાનું બંધ કીધું
ચરણ ન ચાલે તારા એવું શું અજબ છે ?
કપોલ કળેલા કેવા પીળાપટ પડી ગયા
અધર કંપે આ કેવા ઉરતો ભરાઈ આવે
પસીનાથી પીંડ પુર તુરરૂપ ચાલી ગયું
અંગના અંકુર ઉઠે એવું શું ગજબ છે ?
શાણી શું તે શામળાને દેખ્યો કેતું દિલમાંહી
ડરભરી દિલમાંશું ક્રોડા તણો કોપ લાવે ?

કવિત.

સેજની સમીપ આવી લાલને લગાવી જાની
રતિ પતિ કામને ક્રીડાથી કાંઇ કેળવે
ઉરથી લગાવી ઉર છાતી પુર સરસાવી
દાંપતિ જો કાયપણ છાંયશીળી ભોગવે

વળી મુખ નિજને લગાવી પીયું મુખસાથ
ચુબન કર્યું તે જાણે અમૃતને ઉંચે રથળે
એમ અંગ મેળવીને, કામણને કેળવીને
પતિસાથ ક્રિડા રમે ધન્ય જુગ જોગવે

કવિત.

શ્વાસ--રાજનો તું શાણી મારીરજની કયાં રમી આવી ?
સ્વેદ બીંદુ છાયા મુખે ભમર ભીંજાણી છે ?
વેણી વ્હાલી વાળી હતી, વેગે કેમ વીખરાણી ?
કંચુકીની કસ તૂટી ઝુલના બંધાણી છે. ?
અંગમાં સુગંધ કેવી કસતુરી બેહેક બહુ ?
સાડી શું સમારી આડી ચોળી કયાં ચોળાણી છે?
અધરે આ દંત દીધા કુચે નખ વાગ્યા કયાંથી ?
ફાગણના ફાલમાં તું ફાલી કયાં ફેલાણી છે. ?

કવિ-ત

જવાબ—વનમાનો વાટ ભૂલી તાપથી તપાણી બહુ
પરસેવો પામી ત્યાંઆ ભમર ભીંજાણી છે
આવ્યો અલી શીરે બેઠો કાઢયે મારી શેર તૂટી
વેગે પહેરી સાડી વળી નાડી ના બંધાણી છે

મૃગસલે મૃગ બેઠો હેતે લેવા દોડી બેની
વાસનાની પાસ કસ્તુરીની ફેલાણી છે
મધુર પોપટ પેખી, કરમાંહી તેને કર્યો
ચંચળ તે ચાંચ થકી, છાતી આ છોલાણી છે

સવૈયા.

જો સખી પીન પયોધર આ કંઈ ખિન્ન કરે થઇ પાણ સમા
વળી દિન ચડે રવિ કિર્ણ પડે તેમ તાપ તપાવી વધે કદમાં
રેન તણી શું વાત કહું જ્યાં સેજ મહીં નભ નેન સરે
સખીચંદ્ર સમા શુભ બિંબ મનોહર બાણ સમા થઈ કુચ છરે
પણ પાય પીયે રતિ રંગરસે બહુ બાથ ભરી કરકુચ કસે
જે વિણ સહી સખી સેજ સુની તે પ્રાણ પીયુ પરદેશ વસે!

———

ગ્રીષ્મ વિરહ.

ઝુલણા છંદ.

(પ્રભાત.)

ગ્રીષ્મના ગાનમાં, મદનના તાનમાં,
માળમેડી ચડી, વિરહી બેઠી
દાસી સાથે મળી, બોલી બેની અલી,
કામ કહાણી કહું, બેશ હેઠી

સૂર્ય શીરે ચડયો, તાપ આવી પડયો,
પાપી તે પિંડ, પાણી કરાવે
વિરહીવેદના, ભાખતી ભેદમાં,
જો સખી વસ્ત્ર, ઉંચા ધરાવે
ગ્રીષ્મ ગામે ફરે, તાપ તાપેખરે,
નદતણા નિર જેમ સૂર્ય શોષે
વાત વિયોગની, તેમ સંભોગની,
દેહનું નુંર મારૂંજ સેશે
સૂર્ય બીંબો ઘણા, તીર સમ તે તણા,
હૃદય આ સૂકવી ખૂબ ભેદે
કુચઆ કઠણને, કાય કાળી થતાં,
તાપનો તાપ મુજશીશ છેદે
રસ ભરી હું જતાં, ખારભૂમી થતાં
ખુચતું સર્વ સારા સગાને
કોઇ તન નવતણી, વાત ભાવે ઘણી,
દિલ દુઃખી થયું હા દગાને
અંગની અગનને, દેહ દાવાનળે,
કુંજ સમકાયનું વજ્ર બાગ્યું

ધુમ ઉંચે ચડે, પાણી ના કાંઇ પડે,
વિરહ વ્હેણું રહે કેમ ખાળ્યું ?
દૃષ્ટી દિશા ભણી નાંખતાં કંઈ ઘણી,
નિરખું નિત્ય ન્યારા તમાશા
પક્ષી તાપે કરી, માળમાળે વસી,
ખેલતાં ખેલ સાથેજ ખાસા
શુદ્ધ મેના વળી, શુક સાથે મળી,
બોલતાં બોલ હેતે મજાના
હાય ! તેમ હાથમાં, સાથનવ બાથમાં,
ભોગવું દિન આ કઇ સજાના ?
મન તણા વન મંહી, જો સખી તું સહી,
કલ્પ વિકલ્પના કોટ થાયે
શરીર સમુદ્રમાં, અકળ આ અભ્રમાં,
અગનના ઉછળી ઉરમી જાયે
જેમ ખેડુતરે ! ભોંય ખેડી કરે,
પોચી આશા ધરે મેઘજીની
તેમ માગી ગતિ, હાય ! સુકી થતી
બેની કયારે થઉં હુંજ ભીનીં !

જેમ સેજે જતાં, ઉંઘ આવે છતાં,
માંકડો મચ્છરો ખુબ ડંખે
તેમ શાણી સખી, શું કહું હું કથી,
અગન વિયોગનું વિષ ડંખે !
જેમ તાપે કરી, અગન બાફે કરી,
પાણી કુવા તણા હેઠ ચાલ્યા
તેમ આંખો તણા, પાણી ચાલ્યા ઘણા
ખાળતાં એ સખીરે' ન ખાળ્યાં !
બાગ રૂડો બન્યો, હૃદયને બહુ ગમ્યો,
ફુલથી ફાલી વેલી રસાળી !
પાણી વિણ શુષ્ક તે, થાઉં પેખી અદેખી,
કર્મ હીણી ખરે નાંહી માળી

સૃંગાર સમસ્યા.

મીઠી મોઠી મનને ભાવે
અંગે ગોરી ચિત ચળાવે
શ્વેત વસ્ત્ર શરીરે ધરાવે
પિંડ પાતળો સૌને ભાવે

નીશ દીન નમણી વધતી જાતી
રસકસથી ભરપુર ભરાતી
વર્ષા આવે દેખું રમતી
ભૂમી થાય હરી યાળી ગમતી
ચુશાવાની આશા રાખે
માળી નહીં ત્યાં કોને ભાખે?
"શેરડી" "રૂપવંતી સ્ત્રી'

વૃક્ષ એક પર ફળ બહુ ફાલ્યું
મદન થકી તે રહેના ઝાલ્યું
રંગ બન્યો ખુબ રસ ભરાઈ
શ્વેત ચાંદની તે પર છાઈ
ડીંટ થકી ડાળી પર ડોલે
જેમ વસંતી ઝોલા ઝોલે
: બો" "કુચ" "તરૂણ સ્ત્રી'

ઉનાળે ઉનો વાવાયે
ગ્રીષ્મ તણાના તાપ સહેવાયે
પંખી માળે મીઠાં બોલે
અંતર દુ:ખની વાતો ખોલે

અગન ઘણી મુજ પગ આ બળતા
તાપ તણા નવ દિન આ ટળતા
વૃક્ષ તણો ક્યાં શીળો પામું ?
કે થીર થઈ હું ત્યાં જઇ જામું.
"ઉનાળાનો તાપ" "ગીષ્મનો વિરહ

કોમળ વય પણ અંગે લીલી
ખાંતે ખાતા ખાતા ખીલી
નરકો! આપે આંગળ અણી
તો શરમાએ શાણી ઘણી
કોણ કુમારિકા ? ના ! લજામણી !

કોમળ કાચા ફળને ચાખ્યું
ચાંચ ભરી ત્યાં પાછું રાખ્યું
ચિંતા પણ ચોમાસું માલ્યું
ફળ રસથી પુરૂં બહું ફાલ્યું
લહેજત લેવા આવો લંપટ
કોણ સખી સજજન! ના! સખી પોપટ

કમળ કોષમાં કેદ પૂરાયો
ગુણ ગુણ કરતો આવી ભરાયો

કમળ પાંખડી જો નિજ ખોલે
તો ભમરો બહારે આવી ડોલે.
"લીંગ" "ભમરો" કેદી'

અંગ નજરમાં જંગજ જામ્યો
હર્ષ ઘણો એક યોદ્ધો પામ્યો
પચરંગી એક કમાન પેખી
કરમાં ઝાલી તેને દેખી
શુર થકી જ્યાં તેને સાધી
તરત કામઠી અંગે વાધી
શરત તીરને સાધી લીધું
તાણી કામઠી જાતું કીધું
જામ્યો જંગ અનંગ ભરાઈ
યોદ્ધો ખેલે ખુબ ધરાઇ
પવન તણી લ્હેરો ત્યાં આવી
વાદળને દીધું વિખરાવી
વખત થયો કે વર્ષા છૂટી
શાંત થઈ બંનેની બૂટી. "સંભોગ"

ચંદન સારૂ ઘસું ઉર ઉપર
અંગે લપેટી બનું અતિ સુંદર
શીત થઉ અંતર મમ વસિયો
શું સખી પ્રિતમ ના ઘેલી એ રસિયો

યૌવન બાગ આ ઝુંમી રહયો છે
નિજ સુવાસ પ્રસારી રહયો છે
કોણ ચુમે આ ગુલાબ કળી
શું પ્રિતમ ! ના ! ના ! અલિ ! (ભ્રમર

શ્રી સ્તુતિ.

સુરૂ ગોવીંદના મહીનાનો રાગ.

આદિ કરૂં આરાધના મા તમારીરે
સંપુર્ણ કરવાને સંકલ્પ નીતિ વધારીરે
ઉંડી અંતર આશ નાશ ન થાયેરે
એવું ધારી યાચું સ્હાય સરસ્વતી માયેરે
હું મંદમતીનું બાળ વય છે નાનીરે
ઉછેરી ટાળ્યાં આળ ઇચ્છાએ માનીરે

વાર ઘણો વિખ્યાત શનીને તારીખ ત્રણ બે ચાર વિચાર
સાલ ઓગણી-સો બે-ગણતાં બોલો તેનો જયજયકાર
માસ મણીધર માન્યો મળીયો અષ્ટ માસ આગસ્ટ
શુકાજ
તમ દંપત સંપત સુખ પામે એવું માગે આજ સમાજ
પય પીધું માતાનું જે તે કીધાં કર્મો કેમ ચુકાય
થઈ ધરણી ધર આપ ધુરંધર માનો મારગ કેમ મુકાય ?
નીતિ નૌતમ ન્યાય કરીને, દીધાં જેણે રૂડાં દાન
સાગર સુખનો સ્થીર કરીને, ટાળ્યાં જેણે ભવ ભય ભાન
કીર્તિનો જે કોષ કર્યો તે શબ્દ સુકાર્યે પૂર જણાય
ભણતાં ગણતાં જન નવ ભૂલે, ભાવે ભોળી માત ભણાય
તે દિન દેખી આપ દયાળુ દિલમાં રાખો દિનની દાઝ
તે માતા સમ માત હિંદ છે, કિધાં તેવા કરજો કાજ
પાળક માતા પંથે ચાલ્યા, મેલી આપ સમાસુત સાથ
સકળ સહોદર સોંપ્યું તમને હસ્ત થકી ઝાલો અમ હાથ
મેલી ચાલ્યા તે નવ મળશે ટળશે નવ શોકે તમતાપ
હીંદ માતની સેવા કરતાં કરણીના ફળ પામો આપ
સાચું ધન હિંદવ છે જાણો, કાચું કુડું અવર ગણાય
પૂજ્યતણા પુજકજો થાશો તો યશ વશ મન માન ગણાય

અધિક આપનું વય બહુ દીર્ઘા આપે અવિચળ એજ
અમાપ
ધીર જુગોજુગ નામ ધરાવી માતતણું પણ રાખો આપ
એવી આશીશ અંતર નીછે જાળવશે સૌ જગનો તાત
વદતાં એમ **જજાણી** માગે અવિચળપદને પામો આપ.

તાલ ભુજંગ—માલીની છંદ.

રંક, અને રડતું હૃદય; પણ ધૈર્યતા તો ખરીજ.

તંતુ તણાતા જુઓ પવન માંહી
જંતુ જણાતા જુઓ જગત માંહી
ભોગો મણાતા જુઓ ભુવન માંહી
લેખો ગણાતા લખ્યા ફોગ નાંહી
ખીલેલું દીસે તે ખરૂં ખુબ આંહી
આશા ધરે ધીર પણ ધુળ માંહી
નિરાશા તણા શું ઘણા અંશ આવે
અશ્રુ ઝરી આંખ રાતી રખાવે
કહુ શું ખરૂં સુખ કે દુઃખ કોને
બીંદુ ઘણા સાગરે સાથ જો'ને !

વરાળે ધણા જાય આકાશ ઉડી
ગરીબી ગઇ કેમ ના તૂંજ બુડી !
શ્રીમંતો ધણા રંકને તો રડાવે
વળી દમ દઈ દુઃખનો માર અડાવે
શુરો કેશરી જેમ શીયાળ મારે
ખરે તેમ ખુંધા શ્રીમંતોજ ધારે
નથી જાણતા કાલ થાશે રવાના
નહીં માળને માલ સાથે જવાના
દશા તો ગરીબી હશે હાલ મારી
વળી કાલ કો'ની ગતિ થાય ન્યારી
કહો કુદરતિ ખ્યાલને કોણ જાણે
પ્રભુની કળાને કવિ શું પ્રમાણે
પૂરા પાપ કીધાં હશે પૂર્વ કાળે
ખરૂં પુણ્ય આકાળ કયાંથીજ માલે
જશે જીવતો હાય જાવા ભલેદે
થયું જો તું બીજું થવા તો ભલે દે
સ્વયંભુ ખરો પ્રેમ તારોજ લેશે
ખરૂં સુખ તો શામળા એજ દેશે
નથી વાંક તારો વીધી આંક ઉંધો
ખરી ધીર લેવી ખરો માર્ગ સુધો

મિત્ર.

ભુજંગ.

પત્રે લખ્યો પ્રેમ, વૃક્ષે વળે છે
પત્રે જોડયો મિત્ર, અન્તે મળે છે
ભલે જો ભણે ભાવિ જુદાઈ ભારી
ભલે જો કદી નારી જુદી થનારી
સગાં સંપતે સંપ રાખે બિચારાં
કહો વાંક કો'નો ! ભલાં ભાવિ મારાં !
ખરો મિત્ર ખોટો ભલે સ્નેહ રાખે
ભલે લોક બુરૂં બકી વાંકુ ભાખે
પછીથી થશે મિત્ર પ્રેમીજ તારો
બળી આફતે જીવ આપે બિચારો

બુઢાના બે હાલ.

ભજન.

બુઢાના બે હાલ. ભાઇ બુઢાના બે હાલ
અંત સમયના એક નિશાની ધોળા તેના બાળ ભાઇ૦

બીજા તો બાળક છે સમજો બુઢાને દેગાળ
ત્રીજી તો તરૂણી મારે ને, બુઢા કુટે કપાળ ભાઈ૦
ચોથે તો ચોવટી આ લોકો લાગે પુંઠે લાળ
પાંચે પુત્રો પેટ ભરે ને બુઢા ચાટે થાળ ભાઇ૦
છઠે તો છોકરીઓ છેડે ઓઢાડે નિજસાળ
ટગુ મગુ તન તો થઈ રહ્યું પણ બુઢા બુરે હાલ ભાઇ૦
ડાઢો ડગ મગ બુઢાનીને દાતણ તો નવ થાય
ખાવાને તો ખાજાં માગે પણ પીચ્યું ના ચવાય ભાઇ૦
કમ્મર વાંકો વળી ગઇ પણ નીચુ જોતાં જાય
પરનારીને દેખે કે ત્યાં આંખો ઉંચી થાય ભાઈ૦
નિમાળા કાળા કરતાં ને મુછો રંગે લાલ
છેલ છબીલા બની ફાંકડા, વાંકી ચાલે ચાલ ભાઈ૦

નફ્ફટ નોકરી.

(સમજ સત કર્મ કરી લે ભાઇ૦)

સમજ મન નોકરી નફ્ફટ છે તુંજને આંહીંથી તાંહી અથડાવે
તજી સ્વતંત્રતા પેટ પોષવું, એ અજ્ઞાની રીત—
કરી ખુશામત ખાવા ખાસડા, માથું નીચું નિત્ય સમજ૦

વાળ ખરે ને તાલ પડે પણ ચિંતાની નહીં જીત
ખાવાનું ખાંતે નવ ખાવું, નહીં મેળવો વિત સમજા૦
કરી ગુલામી ગાળ સાંખવી, ગર્ધવ સમ કાંઈ વેઠ
હાય ! નજીવા જીવન માટે પાપ પોટલો પેટ સમજા૦
મોટાનાં મોઢા મરડાયે, તોપણ સાચા શેઠ
જુઠા તો ચાકરડા જગમાં, પેટ કરાવે વેઠ સમજા૦

ગત હૃદય.

ગજલ.

રતિ રસે રમાડનાર કયાંરે તું ગઇ !
તન ત્રીવેણી તું જતા વધ દશા થઇ !
ગઇ ખરે તું ગઇ ગજબ કે કાંઈ અજબ લઈ
રાખતો રડાવી મને શોક અશ્રુ દઇ
આશ પ્રેમ આપનાર અંતમાં ખરી
ભાવિ કેરા ભાવમાં એ આશમેં ધરી
કુળ કેરી કંઠ માળ તું મને મળી
દિગઘ્ દૈવ માહરૂં કે તું પળે પળી
સુંખનું તું સ્વર્ગ પ્રીયા તું મને હતી
જીવ કેરી જોડી વ્હાલી, કાં ! તજ્યા પતિ' !

શાંતિ શું ન પામી પ્રીયા સૃષ્ટી સારમાં
કે શ્રાંતિ ધારી ભામની તેં મુજપ્યારમાં
નહીં ! નહીં ! રે એમ પ્રીયા હોય ના કદી
યાદ છે તેં પ્રેમ પાઠ શીખવ્યો વદી:—
શ્રાવણો તું સાતમે જ્યાં શીતળા જતી
ત્યાં પુજ્ય રતિ માંગતા તે મેળવ્યા પતિ
આશને ઉલ્લાસમાં તું આવતી ખરી
ઘર રહી કો દીન મને વાત કંઇ કરી
સભ્ય કેરા સુરથી એકાંતમાં ધરી
શુધ્ધ -હૃદય ખોળતાં મે' ચશચુમી ભરી
એજ દીન ઓળખું નેં પ્રેમ ત્યારથી
આશમાં ગુંથાઇ ગાતો ગીત ત્યારથી:—
કે શાંતિમાં રમાવી સુખ તુંજ આપશે
સેજમાં સમાવી દીલ દુઃખ દાબશે
અંગને અનંગ આપી સંગ માણશે
શામળો સુભાગી થઈ જીવ્યું જાણશે
પણ નશીબ રાંકડું તે રંકમાં રહ્યું
છોડી મને જાવું એવું તુજ દીલે ચહ્યું:—

વ્યાધીને ઉપાધી કેરા પાસમાં પડી
જીવ ઉડી જાય તૂજ વાત ત્યાં નડી
સાંભળ્યા સિતારના મેં તાર તૂટતા
ગીતના ગાનાર આંખે આંસુ છુટતાં
થઇ પડયોરે બે નશીબ દશા બુરી થઈ
સાથ શાણી સુખના તું ક્યાં ગઇ ! ગઈ !
અશ્રુપાત ઓળખેના અંત સંતને
શોક તો સમાવશે ના શું કહુ તને !
વાણ પ્રેમબાણ ભાણ બોબબાળશે
આવતા આત્રેશ આલી કોણ ટાળશે
પ્રેમને પઢાવનાર હું પીયા હતો
રહેમમાં રમાવનાર હું ત્રીયા હતો
કાંતિના કાળાગ્રહે હું માણનાર હતો
ગુણ કેરાં ગીત જાણનાર હું હતો
નેણને નમાવનાર શાણી હું હતો
સાથને શ્રંગારનાર શાણી હુંજ હતો
રે ! ત્રિવેણી શામળોરે તુજ પતિ હતો
શું રિશાઇ રાધિકા ? કીધો મને જતો
આશના ઉપાસના રે ! ના ! ફળી ફળી
હાયરે ગુલાબની લુંટાઇ ગઈ કળી

ભાગ ૧ લો સમાપ્ત.

ઘોઘારી લોહાણા મિત્ર મંડળ.

સુજ્ઞ સભાસદો :—

આપે સ્થાપેલા "વિદ્યાઉતેજક ફંડ"ની અનંત કિર્તિના પ્રમાણની છાયામાં, મારૂં ઉછરતું હૃદય આજ લાંબો વખત થયાં રમતું રહ્યું છે, અને રહે છે તેના ઉલ્લાસમાં આ મારા "લઘુ કાવ્ય" નામે "કાવ્ય–ત્રિવેણીકા" ભાગ ૧--લા નો સઘળો નફો તેજ (વિદ્યાઉતેજક) ફંડમાં આપવા ચાહું છું, તે સ્વીકારશો.

લી૦ હું છું.

એક નમ્ર સભાસદ.

શામળદાસ લક્ષમણદાસ

વજાણી.

"વજાણી" કૃત.

કાવ્ય–ત્રિવેણીકા. ભાગ ૧ લો	તૈયારછે.	કીં.	રૂ.	૦–૪–૦
કાવ્ય–ત્રિવેણીકા. ભાગ ૨ જો	છપાયછે.	કીં.	રૂ.	૦–૪–૦
કાવ્ય–ત્રિવેણીકા. ભાગ ૩ જો	,,	કીં.	રૂ.	૦–૪–૦
કાવ્ય–ત્રિવેણીકા. ભાગ ૪ થો	,,	કીં.	રૂ.	૦–૪–૦
કાવ્ય–ત્રિવેણીકા. ભાગ ૫ મો	,,	કીં.	રૂ.	૦–૪–૦

સઘળો નફો "વિદ્યાઉતેજક" ફંડમાં જશે.

સાખી.

ટીપે ટીપે ટીપરાં, કાંકર કાંકર પાળ.
કીડી કણકણ સંચરે, પાલવ ડાળે ડાળ.

"વજાણી કૃત"

પોકેટ નોવેલ—નંબર ૧

"ઉરવિણા"

છપાય છે.   **ભાગ ૧ લો.**   છપાય છે.

ચાલુ જમાનાની ઉત્તમ–શૃંગારીક અને નીતિથી ભરપુર નવલકથાઓમાં પણ આ વાર્તા એક ઉત્તમ પદ મેળવે એવી આશાથી લેખકે સરળ અને શુભાષીત શૈલીમાં આ ચિત્ર ચિતરેલું છે.

કીંમત ૮ આના.

ગ્રાહક થનારે કર્તાને લખી જણાવવું.

ઠેકાણું કોટમાં મુંબઇ.
૨૦૯યુ. એ-ડ. એ. ગ્રહા
મના કુંપની બોલ્ડિ માળે
પારસી બજાર સટરીટ
એબોલ્ડ્સ ડીપારટમેટ.

કર્તા

શામળદાસ લક્ષમણદાસ

"વજાણી"